GS, MS અને C.S. પાઈપો
ગેલ્વેનાઈઝ તેમજ MS ચોરસ
અને લંબચોરસ પાઈપો
IBR પાઈપો અને IBR ફીટીંગ્સ
MS અને GI ફીટીંગ્સ અને વાલ્વ
ચેનલ એન્ગલ, બીમ, પ્લેટ
MUGATLAL B. & SONS
"મુગટ હાઉસ",
ઉધના મેઈનરોડ, ક્રિષ્ણા પેટ્રોલ પંપની બાજુની ગલીમાં સુરત.
● બ્રાન્ચ : પ્લોટ નં.-૬૦૫, રોડ નં.-૬, G.I.D.C., સચીન.
ફોન : ૨૩૬૮૬૧૧, ૨૩૪૨૪૭૦ (મો.) ૯૮૨૪૧૦૯૩૩૩ સચીન
● E-mail : info@mugatlalbsons.com ●

# ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા
વડોદરા

શેઠ પી. ટી. સુરત જનરલ હોસ્પિટલ
ડૉ. ભટ્ટની હોસ્પિટલ
બાલાજી રોડ, સ્વ. શ્રી કનૈયાલાલ મોદી માર્ગ, સુરત.
ફોન : ૦૨૬૧-૨૫૯૨૦૪૦, ૨૫૯૨૦૪૧, ૨૬૦૪૦૦૦
સરકારશ્રીની "માં કાર્ડ યોજના"
હેઠળ અનુભવી ડૉક્ટર્સ દ્વારા
જનરલ સર્જરી અને ENT સર્જરી
ફ્રી કરવામાં આવે છે.
કેશલેસ અને મેડીક્લેઈમની સેવા ઉપલબ્ધ - ૨૪ કલાક ઈમરજન્સી
સાચા અર્થમાં ટ્રસ્ટ હોસ્પિટલ...

માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૩ * * * સંવત ૨૦૮૨ અધિક જેઠ વદ તેરસ શનિવાર ૧૩ જૂન, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૧૯૭ પાનાં ૧૨+૧૨ કિંમત ₹ ૫.૦૦

### ભારતના ટોચના ૫ અબજોપતિઓની કુલ સંપત્તિ (આશરે ૨૫ લાખ કરોડ) કરતાં પણ મસ્કની સંપત્તિ ૭૦ લાખ કરોડ જેટલી વધારે

# ઈલોન મસ્ક વિશ્વના સૌથી પહેલા ટ્રિલિયોનર

**મસ્કની** સ્પેસએક્સ કંપની અમેરિકી શેરબજારમાં લિસ્ટેડ થઇ ગઇ

**મસ્કની** સંપત્તિ ૧૨ મીંડાવાળી જાદુઈ સંખ્યા રૂ. ૯૫ લાખ કરોડને પાર!

**આ કંપનીના** શેરોના સોદાઓ શરૂ થવાની સાથે મસ્કનું ખર્વ પતિ બનવાનું નક્કી

**ન્યૂયોર્ક, તા. 12 :** દુનિયાના સૌથી અમીર ઉદ્યોગપતિ ઈલોન મસ્કની રોકેટ કંપની સ્પેસએક્સ આજે, 12 જૂને અમેરિકી શેરબજારમાં નેસ્ડેક પર લિસ્ટેડ થઈ ગઈ છે. મસ્ક તેમના વચન મુજબ મંગળના ગ્રહ પર વસાહત ઉભી કરવામાં તો અત્યાર સુધી સફળ રહ્યા નથી પરંતુ ડોલરની રીતે વિશ્વના પ્રથમ ખર્વ પતિ બનવામાં તો આ અવકાશ કંપનીના જોરે સફળ થઈ જ રહ્યા છે.

ગુરુવારે કંપનીએ પોતાના IPOની ફાઈનલ પ્રાઈસ 135 ડોલર નક્કી કરી દીધી છે. 1.77 ટ્રિલિયન ડોલર એટલે કે આશરે 168 લાખ કરોડ રૂપિયાના વેલ્યુએશન પર થઈ રહેલા આ લિસ્ટિંગ બાદ ઈલોન મસ્ક દુનિયાના પહેલા ટ્રિલિયોનેર લગભગ બની જ ગયા છે. સ્પેસએક્સ આ ઈશ્યૂ દ્વારા રેકોર્ડ 75 બિલિયન ડોલર એટલે કે આશરે 7.15 લાખ કરોડ રૂપિયા એકઠા કરી રહી છે. આ એકલો આઈપીઓ વર્ષ 2024 અને 2025માં આવેલા તમામ અમેરિકી આઈપીઓની કુલ એકત્રિત રકમ કરતાં પણ વધુ છે. આ દુનિયાનો સૌથી મોટો આઈપીઓ છે.

ફોર્બ્સના જણાવ્યા અનુસાર ઈલોન મસ્કની નેટવર્થ 982 બિલિયન ડોલર એટલે કે આશરે 94 લાખ કરોડ છે. તેમની પાસે સ્પેસએક્સમાં આશરે 866 બિલિયન ડોલરના શેર છે. આજે જેવી ટ્રેડિંગ શરૂ થશે કે તરત તેમની જ બાકીની કંપનીઓની મિલકતો મેળવીને મસ્કની કુલ નેટવર્થ 1 ટ્રિલિયન ડોલર એટલે કે આશરે 95 લાખ કરોડ રૂપિયાને પાર પહોંચી જશે. ભારતીય સમય પ્રમાણે મોડી રાત્રે સ્પેસએક્સના શેરોનું




ટ્રેડિંગ અમેરિકી શેરબજારોમાં થશે, તે સાથે આ કંપની અને જાણીતી ઓટો કંપની ટેસ્લાના માલિક ઈલોન મસ્કનું ખર્વ પતિ બનવાનું લગભગ નક્કી જ છે અને તેઓ દુનિયાના સૌથી પહેલા ટ્રિલિયોનર કે ખર્વ પતિ બનશે. અબજ પતિઓ તો નોંધપાત્ર સંખ્યામાં થઈ ગયા છે પણ ખરબ પતિ હજી સુધી કોઈ બન્યું ન હતું.

### મસ્કની મિલકત અનેક દેશોના જીડીપી કરતા પણ વધારે!

ઇલોન મસ્ક દુનિયાના સૌથી પહેલા ખરબ પતિ બન્યા છે અને તેમની મિલકત દુનિયાના અનેક દેશોની જીડીપી કરતા પણ વધી ગઇ છે. તેમની સંપત્તિમાં ગુરુવારે આવેલો ૨૭૪ અબજ ડોલરનો ઉછાળો તેમની SpaceX ના IPO માંથી આવ્યો છે. એલન મસ્ક હવે તાઇવાન (૯૭૬.૭૨ અબજ ડોલર), આયર્લેન્ડ (૭૭૯.૩૮ અબજ ડોલર), બેલ્જિયમ (૭૭૬.૭૩ અબજ ડોલર), સ્વીડન (૭૬૦.૪૮ અબજ ડોલર), ઇઝરાયેલ (૭૧૯.૮૫ અબજ ડોલર), આર્જેન્ટિના (૬૮૮.૩૮ અબજ ડોલર) જેવા દેશો કરતાં પણ વધુ અમીર થઈ ગયા છે. તેમની કુલ નેટવર્થ આ દેશોની જીડીપી (GDP) કરતા પણ વધારે છે.

### એક ટ્રિલિયનમાં કેટલા મીંડા આવે?

સામાન્ય રીતે આપણે અબજો અને કરોડોની વાતો સાંભળીએ છીએ, પરંતુ ટ્રિલિયન શબ્દનો ઉપયોગ અવારનવાર દેશોના અર્થતંત્ર અથવા જીડીપી (GDP) ને માપવા માટે કરવામાં આવે છે. જેમ કે ભારત કે ચીનનું અર્થતંત્ર કેટલા ટ્રિલિયનનું હશે, તેના પર ચર્ચા થાય છે. પરંતુ હવે એક એકલી વ્યક્તિની સંપત્તિ એટલી બધી વધી ગઈ છે કે તેને માપવા માટે આ મોટા એકમનો સહારો લેવો પડી રહ્યો છે. જ્યારે આપણે એક ટ્રિલિયનની રકમને કાગળ પર લખીએ છીએ, ત્યારે તે કોઇને પણ આશ્ચર્યચકિત કરી શકે છે. ૧ ટ્રિલિયન લખવા માટે ૧ ના અંકની પાછળ પૂરા ૧૨ મીંડા લગાવવા પડે છે. તેને અંકોમાં 1,000,000,000,000 તરીકે દર્શાવવામાં આવે છે. મસ્કની સંપત્તિ હવે આ જ ૧૨ મીંડાવાળી જાદુઈ સંખ્યાના દાયરામાં પ્રવેશ કરી ચૂકી છે.

### દર કલાકે ૧૦ લાખ ડોલર ખર્ચો તો પણ ૧ ટ્રિલિયન ડોલર ખર્ચવામાં ૧૧૪ વર્ષ લાગે!

જો કોઈ વ્યક્તિ દર કલાકે 10 લાખ ડોલર એટલે કે આશરે 9.54 કરોડ રૂપિયા પણ ખર્ચ કરે, તો તેને 1 ટ્રિલિયન ડોલર પૂરા કરવામાં 114 વર્ષથી વધુનો સમય લાગશે. જેપી મોર્ગન ચેસના સીઈઓ જેમી ડિમને તો મસ્કને 'આપણા સમયના એડિસન અને આઈન્સ્ટાઈન' સુધી કહી દીધા છે.

### અંબાણી-અદાણીની ભેગી મિલકતો કરતા પણ મસ્કની મિલકતો છ ગણી!

એલોન મસ્કની એકલાની સંપત્તિ મુકેશ અંબાણી અને ગૌતમ અદાણીની સંયુક્ત સંપત્તિ કરતાં આશરે ૫.૭૫ ગણી વધારે છે. એટલું જ નહીં, ભારતના ટોચના ૫ અબજોપતિઓની કુલ સંપત્તિ (આશરે ૨૫ લાખ કરોડ) કરતાં પણ મસ્કની સંપત્તિ ૭૦ લાખ કરોડ જેટલી વધારે છે. ફોર્બ્સની રિયલ ...અનુસંધાન પાના 11 પર

### શેરબજારમાં તેજી: રોકાણકારોની મિલકતમાં 9.66 લાખ કરોડનો વધારો

**નવી દિલ્હી, તા. 12 (PTI):** વૈશ્વિક બજારોમાં ઉછાળો અને ક્રૂડ ઓઇલના ભાવમાં આવેલા મોટા ઘટાડાને કારણે શુક્રવારે ભારતીય શેરબજારમાં પ્રચંડ તેજી જોવા મળી હતી, જેના પરિણામે રોકાણકારોની સંપત્તિમાં રૂ. 9.66 લાખ કરોડનો જંગી વધારો થયો હતો. 30 શેરો ધરાવતો બીએસઈ સેન્સેક્સ 1,695.40 પોઈન્ટ્સ અથવા 2.30 ટકા વધીને 75,527.95 પર બંધ રહ્યો હતો. દિવસ દરમિયાન તે 1,775.47 પોઈન્ટ્સ વધીને 75,608.02 સુધી પહોંચ્યો હતો. બીજી તરફ, 50 શેરો ધરાવતો એનએસઈ નિફ્ટી 461.30 પોઈન્ટ્સ અથવા 1.99 ટકાના વધારા સાથે 23,622.90 પર બંધ થયો હતો. આ તેજીને કારણે બીએસઈમાં લિસ્ટેડ કંપનીઓનું કુલ માર્કેટ કેપિટલાઇઝેશન વધીને આશરે રૂ. 4,62,00,318.80 કરોડ થયું હતું. બજારના નિષ્ણાતો મુજબ, પશ્ચિમ એશિયામાં તણાવ ઓછો થતા અને અમેરિકા-ઈરાન વચ્ચે રાજદ્વારી સમાધાનની આશા વધતા વૈશ્વિક સેન્ટિમેન્ટમાં સુધારો થયો છે. અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન સાથે યુદ્ધ સમાપ્ત કરવાની અને લશ્કરી હુમલા રદ કરવાની જાહેરાત કરી છે, જેની સીધી હકારાત્મક અસર બજાર પર પડી છે. ભારત માટે સૌથી મોટું પ્રોત્સાહન ક્રૂડ ઓઇલના ભાવમાં આવેલો 2.91 ટકાનો ઘટાડો રહ્યો છે, જે પ્રતિ બેરલ 87.75 ડોલર પર પહોંચ્યું છે. સેન્સેક્સની મુખ્ય કંપનીઓમાં બજાજ ફાઇનાન્સ, લાર્સન એન્ડ ટુબ્રો, ટાઇટન અને એચડીએફસી બેન્ક સૌથી વધુ વધનારા શેરોમાં સામેલ હતા, જ્યારે ટેક મહિન્દ્રા અને પાવર ગ્રીડમાં ઘટાડો જોવા મળ્યો હતો. સ્મોલકેપ અને મિડકેપ ઇન્ડેક્સમાં પણ 2.60 ટકાથી વધુનો ઉછાળો નોંધાયો હતો.

# NEET-UG 2026માં રફ કામ માટે વધુ જગ્યા, પરીક્ષાનો સમય વધારાયો

**પેપર** લખવા માટેના સમયમાં ૧૫ મીનિટનો વધારો કરાયો, સહી કરવા જેવી વિધિઓમાં સમય જતો હોવાથી ભરાયેલું પગલું

**કાચી** ગણતરીઓ માટે હવે બુકલેટમાં બેને બદલે ચાર પાના અપાશે, ડાબોડી ઉમેદવારો માટે રફ પાનાની ગોઠવણીમાં ફેરફાર

**નવી દિલ્હી, તા. 12 (PTI):** નેશનલ ટેસ્ટિંગ એજન્સી દ્વારા શુક્રવારે NEET(UG)-૨૦૨૬ માટે વિદ્યાર્થીલક્ષી સંખ્યાબંધ પગલાંની જાહેરાત કરવામાં આવી છે, જેમાં રફ કામ (કાચી ગણતરી) માટે વધારાની જગ્યા અને પરીક્ષાના સમયગાળામાં વધારાનો સમાવેશ થાય છે. આ મેડિકલ પ્રવેશ પરીક્ષા ૨૧ જૂનના રોજ યોજાવાની નક્કી થઈ છે.

NTAના જણાવ્યા અનુસાર, પરીક્ષા બપોરે ૨:૦૦ વાગ્યાથી સાંજના ૫:૧૫ વાગ્યા સુધી લેવામાં આવશે, જે કુલ ૧૯૫ મિનિટનો સમય આપશે. આમ, પરીક્ષાના સમયગાળામાં ૧૫ મિનિટનો વધારો કરવામાં આવ્યો છે. એજન્સીએ જણાવ્યું હતું કે, આ સમય પરીક્ષાની શરૂઆતમાં અને અંતમાં થતી સુપરવિઝનની ઔપચારિકતાઓ, જેમ કે હસ્તાક્ષર કરવાની પ્રક્રિયાઓને ધ્યાનમાં રાખીને નક્કી કરાયો છે, કારણ કે અગાઉ ઉમેદવારોને લાગતું હતું કે આ પ્રક્રિયાઓને લીધે તેમનો લખવાનો મુખ્ય સમય ઘટી જતો હતો. NTA દ્વારા પ્રશ્નપત્રની પુસ્તિકા (બુકલેટ) માં રફ કામ માટે આપવામાં આવતા પાનાની સંખ્યા પણ બે થી વધારીને ચાર કરી દેવામાં આવી છે, જેથી ઉમેદવારોને ગણતરી અને તાર્કિક પ્રશ્નો ઉકેલવા માટે વધારાની જગ્યા મળી રહે. એજન્સીએ જણાવ્યું કે, ઉમેદવારો આ હેતુ માટે બુકલેટની શરૂઆતમાં અને અંતમાં આપવામાં આવેલા રફ કામના પાનાનો ...અનુસંધાન પાના 11 પર

# ઈરાન સાથે યુદ્ધનો અંત આવ્યો છે: પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની જાહેરાત

**ઇરાન** સાથે આ સપ્તાહમાં જ યુરોપમાં સંધિ પર હસ્તાક્ષર થશે એમ પણ અમેરિકી પ્રમુખે જણાવ્યું

**ઇરાન** અણુ શસ્ત્રો નહીં વિકસાવવા સહમત થયું છે, હોર્મુઝની સામુદ્રધૂનિ પણ ખુલશે

**ઇરાની** વિદેશમંત્રીએ પણ કરારની તૈયારી હોવાનું જણાવ્યું, જો કે જીનીવામાં હસ્તાક્ષરના અહેવાલ ઇરાને ફગાવ્યા

**વોશિંગ્ટન, 12:** અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું છે કે ઈરાન સાથેના યુદ્ધનો અંત લાવવા માટેની સંધિ લગભગ પૂર્ણ થઈ ગઈ છે અને આ સપ્તાહના અંતમાં યુરોપમાં તેના પર હસ્તાક્ષર થવાની સંભાવના છે. ઈરાનના તેલ ઉદ્યોગ પર નિયંત્રણ મેળવવાની ધમકી આપ્યાના ગણતરીના કલાકોમાં જ તેમણે ઈસ્લામિક રિપબ્લિક ઈરાન પરના લશ્કરી હુમલાઓ રોકી દીધા હતા.

ગુરુવારે બપોરે ઓવલ ઓફિસમાં પત્રકારો સાથે વાતચીત કરતા ટ્રમ્પે જણાવ્યું હતું કે, ઉપરાષ્ટ્રપ્રમુખ જે. ડી. વેન્સ આ હસ્તાક્ષર સમારોહમાં હાજરી આપે તેવી અપેક્ષા છે, જે આ જ સપ્તાહના અંતમાં યુરોપમાં યોજાઈ શકે છે. અમેરિકાના રાષ્ટ્રપ્રમુખે જણાવ્યું કે તેમણે આ વાટાઘાટોના તાજેતરના રાઉન્ડ અંગે કતાર, યુએઈ (UAE), સાઉદી અરેબિયા, બહેરીન, કુવૈત અને પાકિસ્તાન સહિત મધ્ય પૂર્વના દેશોના નેતાઓ સાથે વાતચીત કરી છે.

ત્યારબાદ, જ્યોર્જિયાના લેફ્ટનન્ટ ગવર્નર બર્ટ જોન્સ (જેઓ ગવર્નર પદ માટે ચૂંટણી લડી રહ્યા છે) ના સમર્થનમાં એક ટેલી-રેલીને સંબોધિત કરતી વખતે ટ્રમ્પે જાહેરાત કરી હતી કે અમેરિકાએ ઈરાન સાથેનું યુદ્ધ સમાપ્ત કરી દીધું છે.

ટ્રમ્પે કહ્યું, મને ખબર નથી કે તમે સાંભળ્યું છે કે નહીં, પરંતુ અમે આજે (ગુરુવારે) ઈરાન સાથેનું યુદ્ધ સમાપ્ત કરી દીધું છે, અને તેઓ ક્યારેય પરમાણુ હથિયાર ન રાખવા માટે સંમત થયા છે, જેના પર અમે ભાર મૂક્યો હતો. અમારો મુખ્ય હેતુ આ જ હતો.

ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીએ પણ કહ્યું હતું કે ઈસ્લામાબાદ સમજૂતી પૂર્ણ થવાની ખૂબ નજીક છે. તેમની આ પોસ્ટને ટ્રમ્પે પણ ટાંકી હતી. અરાઘચીએ ...અનુસંધાન પાના 11 પર

# જહાજો પર હુમલાઓ અંગે ભારતે અમેરિકી રાજદ્વારીને બીજી વખત તેડાવ્યા

**એક** જહાજ પરના હુમલામાં ત્રણ ભારતીય ખલાસીઓના મોતની પુષ્ટિ થઇ તે પછી ભારતે ફરીથી અમેરિકી ચાર્જ ડી'અફેર્સને બોલાવ્યા

**અમેરિકી** દળોની આવી કાર્યવાહીને અસ્વીકાર્ય ગણાવીને સખત વિરોધ નોંધાવ્યો

**આ પહેલા** બુધવારે પણ અમેરિકી રાજદ્વારીને વિદેશ મંત્રાલયમાં બોલાવાયા હતા

**નવી દિલ્હી, તા. 12 (PTI):** ભારતે શુક્રવારે યુએસ ચાર્જ ડી'અફેર્સ જેસન મીક્સને સમન્સ પાઠવ્યા હતા અને તેમને જણાવ્યું હતું કે ઓમાનના દરિયાકાંઠે ભારતીય ક્રૂ મેમ્બર્સ ધરાવતા વ્યાપારી જહાજો પર અમેરિકન સૈન્યના ઘાતક અને જીવલેણ હુમલાઓ અસ્વીકાર્ય છે. આ મામલે અમેરિકી રાજદ્વારીને સપ્તાહમાં બીજી વખત બોલાવાયા છે.

અમેરિકી કાર્યવાહીમાં એક ટેન્કર જહાજના ત્રણ ભારતીય કર્મચારીઓ માર્યા ગયા હોવાનું સરકારે જણાવ્યું તેના એક દિવસ બાદ મીક્સને વિદેશ મંત્રાલયના મુખ્ય મથકે સમન્સ પાઠવવામાં આવ્યા હતા. આ પહેલા મીક્સને બુધવારે રાત્રે પણ બોલાવવામાં આવ્યા હતા. વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે, ઓમાનના અખાતમાં ભારતીય નાવિકોને લઈને જતા વ્યાપારી જહાજો પર અમેરિકી નૌકાદળ દ્વારા સતત થઈ રહેલા હુમલાઓ અંગે તેમની સમક્ષ સખત વિરોધ નોંધાવવામાં આવ્યો હતો, જે હુમલાઓના પરિણામે ત્રણ ભારતીય નાગરિકોના દુઃખદ અને ટાળી શકાય તેવા મોત થયા છે. એડિશનલ સેક્રેટરી નાગરાજ નાયડુએ અમેરિકી દૂત સમક્ષ ભારતનો વિરોધ નોંધાવ્યો હતો.

મંત્રાલયે ફરી એકવાર નાગરિક વહાણવટા સામે ઘાતક અને જીવલેણ બળના ઉપયોગ અંગે તેની ઊંડી ચિંતા વ્યક્ત કરી છે. આવી કાર્યવાહી અસ્વીકાર્ય છે અને મુશ્કેલ સમયમાં સંવેદનશીલ ક્ષેત્રમાં આંતરરાષ્ટ્રીય દરિયાઈ વેપારની સલામતી, સુરક્ષા અને સ્થિરતાને નુકસાન પહોંચાડે છે. વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, અમેરિકી ચાર્જ ડી'અફેર્સને ભારતની આકરી ચિંતાઓ તેમના સત્તાવાળાઓ સુધી પહોંચાડવા અને આ વિસ્તારમાં કાર્યરત યુએસ દળો નાગરિકોના જીવ ગુમાવતા રોકવા માટે તમામ ...અનુસંધાન પાના 11 પર

### ભારતીય જહાજો પર ઇરાને હુમલા કર્યા હતા: ટ્રમ્પ

**વોશિંગ્ટન.** અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે શુક્રવારે ઈરાન પર હોર્મુઝની સામુદ્રધુનીમાંથી બહાર નીકળી રહેલા ભારતીય જહાજો પર ડ્રોન હુમલા કરવાનો આરોપ લગાવતા કહ્યું કે આ તદ્દન અસ્વીકાર્ય છે. આ અઠવાડિયે ઓમાનના દરિયાકાંઠે ભારતીય ક્રૂ ધરાવતા ત્રણ જહાજો પર હુમલો થયો હતો. જેમાંથી બુધવારે થયેલા એક હુમલામાં ત્રણ ભારતીય નાવિકોના મોત નીપજ્યા હતા. ટ્રમ્પે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ટ્રુથ સોશિયલ' પર એક પોસ્ટમાં દાવો કર્યો હતો કે, ગઈકાલે રાત્રે હોર્મુઝની સામુદ્રધુનીમાંથી બહાર નીકળી રહેલા ભારતીય જહાજો પર ઈરાનનો સંપૂર્ણપણે નિષ્ફળ બનાવાયેલો ડ્રોન હુમલો તદ્દન અસ્વીકાર્ય છે. આ જ પોસ્ટમાં, ટ્રમ્પે ઈરાન પર શાંતિ કરારની શરતો મીડિયામાં લીક કરવાનો પણ આરોપ લગાવ્યો હતો, જે શરતોને ચર્ચા હેઠળના મુદ્દાઓ સાથે કોઈ લેવાદેવા નહોતી. ટ્રમ્પની આ ટિપ્પણી ભારતે નવી દિલ્હીમાં અમેરિકી દૂતાવાસના ચાર્જ ડી'અફેર્સને બોલાવીને ઓમાનના દરિયાકાંઠે ભારતીય નાગરિકોને લઈ જઈ રહેલા વ્યાપારી જહાજો પર અમેરિકી હુમલાઓ સામે વિરોધ નોંધાવ્યા બાદ આવી છે. ભારતે વ્યાપારી જહાજો પરના હુમલાઓને ગંભીર રીતે ચિંતાજનક ગણાવ્યા છે અને આ મામલો અમેરિકા સમક્ષ દ્રઢતાપૂર્વક ઉઠાવ્યો છે.

### અખંડ કોંગ્રેસ રચવાની અનેક નેતાઓની ભલામણ

# મમતા બેનર્જી અને શરદ પવાર ફરી કોંગ્રેસનો હાથ પકડશે?

**તૃણમૂલ** કોંગ્રેસ અને એનસીપી પોતાના મૂળ પક્ષ કોંગ્રેસમાં વિલીન થઇ જાય તેવી અટકળો

**આ બંને** પક્ષો તરફથી પણ આ બાબતે હકારાત્મક સંકેતો મળ્યા

**નવી દિલ્હી, તા. 12 :** શું મમતા બેનર્જીની તૃણમૂલ કોંગ્રેસ અને શરદ પવારની નેશનાલિસ્ટ કોંગ્રેસ પાર્ટી ફરી કોંગ્રેસમાં જોડાઈ જશે? તૃણમૂલ કોંગ્રેસમાં ચાલી રહેલી કટોકટી વચ્ચે, કોંગ્રેસમાંથી અલગ થયેલા પક્ષો ફરીથી તેમના મૂળ પક્ષમાં પાછા ફરવાની યોજના બનાવી રહ્યા હોવાની રાજકીય વર્તુળોમાં જોરદાર અટકળો ચાલી રહી છે.

જ્યારે કોંગ્રેસ સંગઠનના ...અનુસંધાન પાના 11 પર

### કોંગ્રેસ ઈચ્છે છે કે TMC પોતે દરખાસ્ત મૂકે

આ અઠવાડિયે ઉપરાઉપરી થયેલી TMC-કોંગ્રેસ બેઠકો બાદ અફવાઓનું બજાર ગરમ થયું છે– પહેલા મંગળવારે તૃણમૂલ પ્રમુખ મમતા બેનર્જીની કોંગ્રેસના વરિષ્ઠ નેતા સોનિયા ગાંધી સાથે મુલાકાત થઈ અને ત્યારબાદ બુધવારે TMC જનરલ સેક્રેટરી ...અનુસંધાન પાના 11 પર

# એક વાહનને એક દિવસમાં ૨૦૦ લિટર જ ડીઝલ વેચી શકાશે

**સ્થાનિક** સ્તરે અછત અને સંગ્રહખોરી અટકાવવા સરકારે ટોચમર્યાદા ઠરાવી

**નવી દિલ્હી, તા. 12 (PTI):** વૈશ્વિક પુરવઠામાં અવરોધો વચ્ચે સ્થાનિક સ્તરે અછત અટકાવવાના હેતુથી સરકારે એક વાહનને દિવસમાં વધુમાં વધુ ૨૦૦ લીટર ડીઝલ વેચવાની મર્યાદા નક્કી કરી છે. આ ઉપરાંત, એક સત્તાવાર આદેશ અનુસાર ઔદ્યોગિક, વ્યાવસાયિક અને સંસ્થાકીય વપરાશકર્તાઓ પર પેટ્રોલ પંપ પરથી પેટ્રોલ અને ડીઝલ ખરીદવા અંગે પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

રિટેલ આઉટલેટ્સ(પેટ્રોલ પંપ) માત્ર વાહનની ટાંકી અથવા PESO(પેટ્રોલિયમ એન્ડ એક્સપ્લોઝિવ્સ સેફ્ટી ...અનુસંધાન પાના 11 પર

તા. ૧૨-૦૬-૨૦૨૬નું વડોદરા શહેરનું
### હવામાન

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૪૦.૪° સે. | ૨૯.૮° સે. | ૫૧% |